**વડીલોને વંદન**
**અભિનંદન**



હરકાન્તભાઈ ઝાટકીયા
(૧૯૪૭)

# વાયબ્રન્ટ સમિટ સાથે રાજયની વાર્ષિક યોજનાના ઘડતર માટે બેઠકોનો ધમધમાટ

ગાંધીનગર, તા.૮

ગુજરાત વાયબ્રન્ટ સમીટનો પ્રારંભ થઈ ચૂકયો છે તો બીજી બાજુ રાજયના વાર્ષિક યોજનાના ઘડતર માટે આયોજન વિભાગે પણ તડામાર તૈયારીઓ આરંભી દીધી છે.

વિધાનસભાનું અંદાજપત્ર સત્ર ફેબ્રુઆરીના ત્રીજા સપ્તાહમાં મળવાનું છે. આ સત્ર આડે હવે એક માસ જેટલો જ સમય બાકી રહ્યો છે ત્યારે રાજયના આયોજન વિભાગ દ્વારા વાર્ષિક યોજનાના ઘડતરની અને નાણા વિભાગ દ્વારા અંદાજપત્ર તૈયાર કરવા માટેની કામગીરીઓ શરુ કરી દીધી છે.

વાર્ષિક યોજનાના ઘડતર માટે આયોજન વિભાગે અન્ય વિભાગો સાથે બેઠકોનો દોર શરૂ કર્યો છે છેલ્લા ચાર દિવસ દરમિયાન અંદાજે સાતથી વધુ વિભાગો સાથે બેઠકો કરીને આ વિભાગો દ્વારા અમલી બનાવાયેલી યોજનામાં ગત વર્ષ દરમિયાન કેટલો ખર્ચ કર્યો હતો તેની સમીક્ષા કરવામાં આવી હતી.

આ ઉપરાંત વિભાગો દ્વારા રજુ કરવામાં આવતી નવી યોજનાઓની દરખાસ્તો અને તે યોજનાઓની જરુરીયાત તેના પાછળ કેટલો ખર્ચ થાય તેમ છે આ તમામ બાબતો અંગે વિભાગ સાથે પરામર્શ કરીને નવી યોજનાઓની દરખાસ્તોને મંજુરી આપીને નાણા વિભાગની મંજુરી અર્થે મોકલવામાં આવતી હોવાનું જાણવા મળે છે.

આગામી એક સપ્તાહ દરમિયાન બાકી રહેતા વિભાગો સાથે બેઠકોનો દોર જારી રાખીને વાર્ષિક યોજના અંગેનો ડ્રાફટ પ્લાન તૈયાર કરી દેવામાં આવશે અને ત્યારબાદ આયોજન પ્રભાગ અને નાણા વિભાગ વચ્ચે બેઠકનો દોર શરૂ થશે અને તેમાં રાજયની આવકના અંદાજો અને ખર્ચના અંદાજોની સમીક્ષા કરીને વાર્ષિક યોજનાના કદમાં કેટલો વધારો કરવો એ અંગેનો નિર્ણય કર્યા બાદ વાર્ષિક યોજનાનું આખરી કદ નક્કી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૨-૧૩ની વાર્ષિક યોજનાનું કદ રૂ. ૫૦૯૯૯ કરોડ રાખવામાં આવ્યું હતું. આ વખતે રાજય સરકાર વાર્ષિક યોજનાના આ કદમાં અંદાજે પાંચથી સાત ટકાનો વધારો કરીને અંદાજે ૫૬થી ૫૮ હજાર કરોડનું રાખે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

## પ્રાંતિજમાં બીજી વખત વીજ પુરવઠો બંધ રહેતા લોકો રોષે ભરાયા

પ્રાંતિજ, તા. ૮

પ્રાંતિજ શહેરમાં સબસ્ટેશનને લગતુ કામ હોવાથી આજે વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. વિજ પુરવઠો બંધ હોવાને કારણે ઓફીસો, બેંકો, વેપારીઓ વગેરેને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ઉત્તર ગુજરાત વિજ કંપની દ્વારા અગાઉ પણ તા. ૧લી જાન્યુઆરીના દિવસે પણ રાઉન્ડ ચેકિંગ હોવાથી વીજપુરવઠો બંધ રાખવામાં આવ્યો હતો. આજે સબ સ્ટેશનને લગતુ કામ કરવાનું હોવાથી વિજપુરવઠો બંધ રાખવામાં આવ્યો હતો. જેની અગાઉ જાણ પણ કરવામાં આવી હતી. વિજપુરવઠો બંધ હોવાથી બેંકોના કામકાજ અટવાયા હતા તો બીજુ બાજુ ઠંડા પીણાના વ્યાપારીઓ ભારે મુંઝવણભરી પરિસ્થિતિમાં દેખાતા હતા. સરકારી કચેરીઓમાં પણ અધિકારીઓ તેમજ કર્મચારીઓ નવરાધુપ બેઠા હતા. વીજપુરવઠો હમણા બે વખત બંધ રહેતા લોકો પણ રોષે ભરાયા હતા.

## કડીના ધારાસભ્ય રમેશભાઈ ચાવડાનો સન્માન સમારંભ યોજાયો

કડી, તા. ૮

કડી ખાતે ચૂંટાયેલાં ધારાસભ્યશ્રી રમેશભાઈ ચાવડાનું જાહેર સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. કોંગ્રેસી અગ્રણી શ્રી કિશોર કડીકરના અધ્યક્ષ સ્થાને કડી રોહિત સમાજે યોજેલ હતો. કડી તાલુકાના અગ્રણી આગેવાનો, સરપંચો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા. ધારાસભ્યશ્રી રમેશભાઈ ચાવડાએ સમાજનાં કલ્યાણ માટે સતત કાર્યરત રહેશે તેવી ખાત્રી ઉચ્ચારી હતી. અધ્યક્ષ સ્થાને કિશોરભાઈ કડીકરે રમેશભાઈ ચાવડાને સેવાકાર્ય કરવાની શુભેચ્છા પાઠવી હતી. આભારવિધિ નટવરભાઈ સોલંકીએ કરી હતી.

## ખેતી અને પશુપાલન વિષયક આધુનિક ટેકનોલોજીની ઝાંખી

ગાંધીનગર, તા.૮

વાઈબ્રન્ટ પ્રદર્શનીના ગેટ નંબર-૧ને અડીને ફુડ અને એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટ વિભાગના ૩૫ સ્ટોલનું પ્રદર્શન આવેલ છે. જેમાં રાજય સરકાર તરફથી અને અન્ય રાજયમાંથી ફુડ અને એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટના સ્ટોલ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

એગ્રીકલ્ચર અને ફૂડ ડિપાર્ટમેન્ટ દ્વારા વૈજ્ઞાનિક પધ્ધતિથી બનાવેલા ખેત ઓજારોનું નિદર્શન અને તેની સાથે માહિતી પણ આપવામાં આવે છે. સાથે સાથે વિવિધ રાજયમાંથી એગ્રીકલ્ચર વિભાગની પ્રદર્શની મુકવામાં આવી છે. સાથો સાથ પશુપાલનને લગતી મહિતી પણ આપવામાં આવે છે. સારી ઓલાદની માવજતની માહિતી ઉછેર અને વાતાવરણ શું રોલ ભજવે છે તેના ઉપર પણ ભાર મુકવામાં આવ્યો છે. સાથો સાથ અનાજની જાળવણી માટે વાપરવામાં આવતી વિવિધ વૈજ્ઞાનિક પધ્ધતિથી પણ લોકોને માહિતીગાર કરવામાં આવ્યા છે તેમજ ખેતરમાં દવા છાંટવાના પંપ, બેટરી તેમજ સોલરથી ચાલતા પંપે પણ આકર્ષણ જમાવ્યું છે. સાથો સાથ વિદેશથી ડેરી ફાર્મને પ્રોત્સાહન રૂપ ઈઝરાયેલથી પણ કંપની અહીંયા પ્રદર્શનમાં ભાગ લેવા આવેલ છે. સાથો સાથ મીની ટ્રેકટર, બિયારણની કંપનીઓ, એનિમલ હોસ્ટેલનું મોડેલ પણ મુકવામાં આવ્યું છે. તેમાં પંચાયત અને સહકાર વિભાગના પણ સ્ટોલ રાખવામાં આવ્યા છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ)

## ખેડબ્રહ્મામાં માર્ગ સલામતી સુરક્ષા સપ્તાહ ઉજવાયું

ખેડબ્રહ્મા ખાતે મોડેલ સ્કૂલ ઈ.જી.આર.એસ. ખેડબ્રહ્મા-૧ અને પોલીસ સ્ટેશનના સંયુકત ઉપક્રમે ૨૪મો માર્ગ સલામતી સપ્તાહ ટ્રાફિક જાગૃતિ અભિયાન નિમિત્તે તા. ૭-૧-૧૩ના રોજ મોડેલ સ્કૂલ આચાર્ય એમ.આઈ. પટેલ, ખેડબ્રહ્મા પી.એસ.આઈ. વિરલ પટેલ, નગરપાલિકા ચીફ ઓફીસર દર્શનસિંહ ચાવડા, શાળા કો. ઓર્ડીનેટર નિમેશભાઈ સહીત સ્ટાફ અને બાળકોએ પ્લેકાર્ડ, કેપ, લીફલેટ તેમજ કાર્ડ આપી વાહન ચાલકોમાં ટ્રાફિક નિયમો પ્રત્યે જાગરૂકતા લાવવા માટે કાર્યક્રમ કર્યો હતો. જેમાં વાહનોની હેડ લાઈટ પર પીળી પટ્ટી અને રીફલેકટર લગાવી વાહનચાલકોને સિટબેલ્ટ, હેલ્મેટ પહેરવા અપીલ કરવામાં આવી હતી.

## સ્ટેરીંગ લોક તોડી ૨૫૦૦૦ની લૂંટ કરતા તસ્કરો

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના અદાપુર ગામેથી એક મોટરસાયકલનું સ્ટેરીંગ લોક તોડી ચોરી કરી લઈ જઈ પકડાઈ ગયેલાની ગાંભોઈ પોલીસ સ્ટેશને ફરીયાદ થઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર તા. ૫-૬/૧-૧૩ના રાત્રીના ૮ વાગ્યાથી સવારના ૩ ના સમય દરમ્યાન અદાપુર ગામેથી ધરમેન્દ્રસિંહ દિલીપસિંહ ઉર્ફે નાનસિંહ પરમાર રહે. આડાહાથરોલ, તા. ભિલોડા, ચંપકસિંહ ફતેસિંહ પરમાર રહે. ઢુંઢેર તા. હિંમતનગર, પોપટસિંહ ઉર્ફે અશોકસિંહ ચતુરસિંહ પરમાર રહે. ગામડી તા. હિંમતનગરનાઓએ ભુરસિંહ અમસિંહ ચૌહાણની મોટરસાઈકલ નં. જીજે-૯-એ-આર-૬૫૬૭ની સ્ટેરીંગ લોક તોડી કિંમ. રૂ. ૨૫,૦૦૦ની ચોરી કરી ધર્મેન્દ્રસિંહ દિલીપસિંહ પરમાર તા. ૬-૧-૧૩ના રોજ રાત્રીના ૮.૨૫ કલાકે પકડી પાડેલ છે. તથા તેમાં બે ઈસમો નાસી ગયેલા અને એકબીજાની મદદગારી કરેલાની ગાંભોઈ પોલીસ સ્ટેશને ભુરસિંહ અમરસિંહ ચૌહાણ રહે. અદાપુરના હિંમતનગરનાઓએ તા. ૬-૧-૧૩ના રોજ ફરીયાદ નોંધાઈ હતી.

આ અંગે એ.એસ.આી. વસ્તાભાઈ કાળાભાઈએ આઈ.પી.સી. ક. ૩૭૯, ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## રીવોલ્વર ફાયરીંગ બટ્ટ વિસ્તારમાં પ્રવેશ પ્રતિબંધ

અમદાવાદ, તા.૮

અમદાવાદ શહેર પોલીસ મુખ્યમથક ખાતે આવેલ રીવોલ્વર ફાયરીંગ બટ્ટ વિસ્તારમાં પ્રવેશ પ્રતિબંધ ફરમાવાયો છે.

અમદાવાદ શહેર પોલિસ કમિશનર શ્રી એસ.કે. સાઈકિયાએ સુભાષબ્રિજના દક્ષિણ છેડાના રીવોલ્વર ફાયરીંગ બટ્ટની આજુબાજુ પૈકી ઉત્તર દક્ષિણ ને પશ્ચિમ દિશામાં ૧૦૦ મીટર વિસ્તારમાં રીવોલ્વર પ્રેકટીસના સમયે સવારે ૭ થી સાંજના ૫ કલાક સુધી તા. ૧-૨-૧૩ થી ૩૦-૪-૨૦૧૩ પ્રવેશબંધી ફરમાવી છે. આજુબાજુના રહીશો, અધિકૃત વ્યકિતઓ, ઢોરઢાંખરના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હૂકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## યુ.જી.વી.સી.એલ.કે.ની ૧૧ કે.વી. લાઈનના બંધ વાયરોની ઉઠાંતરી

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતેના કોઈ ચોર ઈસમોએ યુ.જી.વી.સી.એલ.કે. ની ૧૧ કે.વી. લાઈનના બંધ પડેલ લાઈનનું રૂ. ૧,૨૫૦૦૦નુંવાયર કોઈ ચોર ઈસમો ચોરી કરી લઈ ગયેલાની ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાઈ હતી.

તા. ૧૨-૧૦-૧૨ અગાઉના કોઈપણ સમયે ખેડબ્રહ્મા ખાતેની સાઈનાથ હોટલથી નવી મેગાલ કોલેજ સુધીના વિજ ઉપજના પેટા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં આવતા ઉત્તરે ખેડબ્રહ્મામાંથી અંબાજી જતા હાઈવે રોડ ઉપર કોઈ ચોર ઈસમો દ્વારા ભારે દબાણવાળી ૧૧ કે.વી. લાઈનના બંધ પડેલ લાઈનના ૩૮ ગાળાના ૩ વાયરવાળી લાઈનના બે કિલોમીટર લાઈનના જતા વાયર ચોરાઈ ગયેલ જેની કિં. રૂ. ૧,૨૫,૦૦૦ ના કોઈ ચોર ઈસમોએ વાયરોની ચોરી કરી લઈ ગયેલાની ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને વિશ્રામભાઈ હિરજીભાઈ કસેવા, નાયબ ઈજનેર યુ.જી.વી.સી.એલ. ખેડબ્રહ્મા મૂળ રહે. ખોખરા, તા. વિજયનગરનાઓએ તા. ૭-૫-૧૩ના રોજ ફરીયાદ નોંધાઈ હતી. આ અંગે હે.કો. હરેશભાઈ રમેશભાઈ એ.પી.કો. ક. ૩૭૯ મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પ્રાંતિજ તાલુકા પંચાયતની બેઠક મળી

પ્રાંતિજ, તા. ૮

પ્રાંતિજ તાલુકા પંચાયતની સામાન્ય સભા ગતરોજ સાંપડ મહાકાળી માતાજી મંદિરના સભાખંડમાં તાલુકા પ્રમુખ કાળુસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં સર્વાનુમતે સભ્યોની નિમણુંક થતા સભ્યોમાં આનંદ છવાયો હતો.

આ સભા કારોબારી સમિતિની રચના કરવા માટે મળી હતી. તાલુકા પ્રમુખ દ્વારા રજુ કરેલા નામોને વિપક્ષે પણ ટેકો આપતા સર્વાનુમતે સભ્યોની વરણી કરવામાં આવી હતી. પ્રમુખે રજુ કરેલા સભ્યોના નામને ભાજપના સભ્યોએ સમર્થન આપતા તાલુકાના બીજા સભ્યો પણ અચંબામાં પડી ગયા હતા. સભાની સમગ્ર કાર્યવાહી ટી.ડી.ઓ. અને સચિવ ડી.વી. મકવાણા સહિત ૧૧ સરકારી કર્મચારીઓની હાજરીમાં યોજાઈ હતી. નવી નિમાયેલ કારોબારીમાં કાળુસિંહ ચૌહાણ, નીરૂબેન પટેલ, ચેતનસિંહ રાઠોડ, ધૂળસિંહ મકવાણા, જગદીશભાઈ પટેલ, વસંતભાઈ વણકર, રૂપસિંહ પરમાર, રાકેશભાઈ પરમાર, પ્રેમીલાબા રાઠોડની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

## ભિલોડાના લીલછા ગામે સામાજિક સંસ્થા દ્વારા રાશનકીટ અને ધાબળાનું વિતરણ કરાયું

હિંમતનગર, તા. ૮

ભિલોડા તાલુકાના લીલછા ગામે પાટીદાર સેવા સમિતિ હિંમતનગર અને માનવ સેવા સંસ્થા દ્વારા એચ.જે. બારોટ હાઈસ્કૂલના પ્રાર્થના હોલ ખાતે ગામના જરૂરિયાતમંદ ગ્રામજનોને રાશનકીટ અને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

છેલ્લા ૧૪ વર્ષથી સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ પાટીદાર સેવા સમિતિ તથા માનવ સેવા સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે તાજેતરમાં સંસ્થાના પ્રમુખ નાથાભાઈ પટેલ, માજી ધારાસભ્ય ભાણજીભાઈ પટેલ સહિત અનેક આગેવાનોની ઉપસ્થિતિમાં ભિલોડા તાલુકાના આસપાસના ગામડામાં વસતા જરૂરિયાત મંદોને ઘઉં, ચોખા, તુવેરદાળ, તેલ, ગોળ અને દરેક મસાલા સહિતની રાશન કીટ અને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. અંતે ડૉ. આર.એસ. પટેલ દ્વારા સંસ્થાની વિવિધ પ્રવૃત્તિ વિશે માહિતી આપવામાં આવી હતી.

## મહાત્મા મંદિર ખાતે ઈન્ટનેશનલ કન્વેન્શન ઓન કલરન્ટસ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૮

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૩ અતર્ગત આજ રોજ ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયેલા ઈન્ટરનેશનલ કન્વેન્શન ઓન કલરન્ટસના સેમિનારને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુક્યો હતો.


આ પ્રસંગે ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય ભૌગોલિકતા ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસ માટે સાનુકૂળ છે. આ વાતને વિશ્વકક્ષા સમક્ષ મુકવા માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩થી દર વર્ષે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટનું આયોજન કરવામાં આવે છે. સમીટ થકી આજે ગુજરાત રાજ્યએ ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી છે. રાજયમાં યોજાનાર છઠ્ઠા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં એક હજાર કરતાં વધુ દેશ-વિદેશના ઉદ્યોગકારો ઉપસ્થિત રહેશે. રાજયમાં શૈક્ષણિકક્ષેત્રે, કેમિકલ્સક્ષેત્રે, ફાર્માસ્યુટીકલક્ષેત્રે જેવા અનેકક્ષેત્રે પોતાનું મૂડીરોકાણ કરવા માટે સમજૂતી કરાર કરશે.

રાજ્ય સરકાર દ્વારા રાજયમાં ઔદ્યોગિક વિકાસ કરવા માટે જમીન, પાણી અને ઊર્જા જેવી માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે તે ઉપરાંત ગુજરાતનો ૧૬૦૦ કિ.મી. દરિયાકિનારો, બંદરો, હવાઈ મથક, સીઝ, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ અને ગેસ પાઈપલાઈનની સુવિધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ઔદ્યોગિક વિકાસ સાથે પર્યાવરણની જાળવણી માટે પણ રાજ્ય સરકાર દ્વારા સુચારું વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

આ પ્રસંગે સીઓસીના ચેરમેન જનક મહેતાએ આવકાર પ્રવચન કરી સમગ્ર સેમિનારની રૂપરેખા આપી હતી. જ્યારે ભાવનગર ખાતેના સેન્ટ્રલ સોલ્ટ અને મરીન કેમિકલ્સ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટના ડાયરેકટર પુસપીટોગોએ ચાવીરૂપ પ્રવચન આપ્યું હતું. ભારત સરકારના કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સચિવ ઈન્દ્રજીત પાલે આ અર્થપૂર્ણ સેમિનાર જ્ઞાનનું પરસ્પર આદાન-પ્રદાન કરવામાં ઉપયોગી નીવડશે તેવું કહ્યું હતું. સેમિનારના અંતે કન્વેન્શન સેક્રેટરી જે.એમ.પટેલે આભારદર્શન કર્યું હતું.

## શબ્દાવલી - ૪૯૪૬



### આડી ચાવી

૧. હિન્દુ ધર્મમાં આ દિવસે સ્ત્રીઓ સામો ખાય છે (૫)
૫. ભમરો (૨)
૬. શાઈનીંગ વાળુ (૩)
૭. યોગ કરનાર વ્યક્તિ (૨)
૯. હેરાનગતિ (૫)
૧૨. પ્રથા, પ્રણાલી (૨)
૧૪. થોડુંક, જરાક (૩)
૧૫. હોઠ, લબ (૩)
૧૭. મફત પાણી પીવાની વ્યવસ્થા (૩)
૧૮. તુચ્છ વસ્તુ (૪)
૨૧. તપ કરવું તે (૩)
૨૩....નું ઘર કેટલે, દીવો બળે એટલે (૨)
૨૪. નકામુ, રદ્દી (૨)
૨૪. જોડકું, જોડું 'મલય' શબ્દ આડોઅવળો (૩)

### ઊભી ચાવી

૧. સ્વસ્તિક (૩)
૨. પાન, પાંદડું (૨)
૩. ઉજાસ, જરી જેવું... વાળું (૩)
૪. જગ્યા, મકાન (૩)
૫. અધોગતિ, દુર્ગતિ (૪)
૮. કૃષ્ણ, ગીરીપર્વત ઊંચકનાર (૪)
૧૦. બતક (૨)
૧૧. આજ સુધી, આજ... (૨)
૧૩. રસબોળ, તરબોળ (૫)
૧૫. ભાગ્યે જ કોઈ એકાદ એવું (૪)
૧૬. મુશ્કેલી, તકલીફ (૩)
૧૯. બધા જ, સર્વ (૩)
૨૦. લેજો રસિયા રે... મારો રંગદાર છે... (૩)
૨૨. પાવડર લગાવવા વપરાતું રૂકે કાપડનું ગાજી જેવી વસ્તુ (૨)

### શબ્દાવલી ૪૯૪૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) આક્રમણ (૩) અવની (૬) અનુક્રમ (૭) ડફલી (૯) શમા (૧૦) તક (૧૧) રનવે (૧૩) કૉફી (૧૪) ગપ (૧૭) અદા (૧૮) ભનક (૧૯) સળગતી (૨૦) વેતરણ

**ઊભી ચાવી :-** (૧) આવડત (૨) મચલી (૩) અનુમાન (૪) વક્ર (૫) નીમક (૬) અશરફી (૮) ફકર (૧૨) વેગન (૧૩) કોદાળી (૧૫) પકતાણ (૧૬) કાસદ (૧૭) અતછ (૧૮) ભગત


## જાહેર નોટીસ

આંક :

**અરજદારના વકીલશ્રી ફરીદાબેન એન. મેમણ**

**પાલનપુરના મહેરબાન એડીશન સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ. પાલનપુર**

દિ.પર. અરજ નં. ૧૯/૨૦૧૨

**અરજદાર** : ગણેશભાઈ રામચંદ્રભાઈ જગતાપ (સોની)
ઉ.વ. આ. ૪૯, ધંધો - વેપાર,
રહે. ગુજરાત પેપરમીલની ચાલ, ભરવાડ વાસ,
નાંદેજ-બારેજડી, તા. દસક્રોઈ, જી. અમદાવાદ

**અરજ** : ભારતીય વારસા ધારા - ૧૯૨૫ની કલમ-૩૭૨ હેઠળ વારસાઈ સર્ટીફિકેટ મેળવવા બાબત.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના માસા તેમજ પ્રેમરાજ મદનલાલ સોની તા. ૧-૧૦-૨૦૦૮ના રોજ કુદરતી રીતે મૃત્યુ પામેલ છે. તેમજ અરજદારની માસી જયાબેન પ્રેમરાજ સોનીનું તા. ૧૮-૨-૨૦૧૨ના રોજ કુદરતી રીતે મૃત્યુ પામેલ છે. અરજદારના મર્હુમ માસીએ રાજગઢી સબ પોસ્ટ ઓફીસમાંથી કિસાન વિકાસ પત્ર રૂ. ૫,૦૦૦/-ની રકમના કુલ તા. રૂ. ૫૦૦/-ની રકમના કુલ પાંચ તથા રૂ. ૧૦,૦૦૦/-ની રકમના એમ કુલ તેર કિસાન વિકાસ પત્રો જે અનુક્રમે નં. 36, HB 445650, 03BC305427, 03BC308404, 03BV308435, 03BC181809, 06BC406305, 06BC183962, 29EE306553, to 29EE306556 and 11CD073104થી કુલ રકમ રૂ. ૪૭,૫૦૦/-ના ખરીદ કરેલા જે પાકતી મુદત માટે મુકેલ. જેમાં નોમિની તરીકે અરજદારના માસાનું નામ લખાવેલ હતું. પરંતુ તેઓ પણ અવસાન પામેલ હોઈ અને મર્હુમે વીલના આધારે અરજદારને તેમના વારસ બનાવેલ હોઈ જે રકમનું વારસાઈ સર્ટીફિકેટ મેળવવા અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે તો ઉપરોક્ત બાબતમાં જો કોઈને વાંધો યા તકરાર હોય તો તેમણે જાતે અથવા માહિતગાર વકીલ દ્વારા મુ.તા. ૧૮-૧-૨૦૧૩ના રોજ સવારના ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટમાં અચુક હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો તેની ગેરહાજરીમાં નામદાર કોર્ટ આગળની કાર્યવાહી કરશે.

**આજ તા. ૪મી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરીને આપું છે.**

કોર્ટનો સિક્કો

| **તૈયાર કરનાર** | **મુકાબલ કરનાર** | **હુકમથી** |
|---|---|---|
| સહી | સહી | સહી |
| **(વર્ષા કે. પરમાર)** | **(આર. એન. સોલંકી)** | **(બી.બી. સાણોદીયા)** |
| આસીસ્ટન્ટ | સુપ્રિટેન્ડેન્ટ | રજીસ્ટ્રાર |
| પ્રિન્સી. સિનિ. સિવિલ કોર્ટ, પાલનપુર | પ્રિન્સી. સિનિ. સિવિલ કોર્ટ, પાલનપુર | પ્રિન્સી. સિનિ. સિવિલ કોર્ટ, પાલનપુર |

## ટુંકી મુદતની જાહેર નિવિદા નંબર-૨ / ૨૦૧૨-૧૩

**જિલ્લા પંચાયત, ગાંધીનગર મા. અને મ. વિભાગ**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ યોજના પંચાયત પેટા પંચાયત વિભાગ, જિલ્લા પંચાયત ૩૮૨૦૧૭ ફોન નં. ૨૩૨૫૬૯૬૩ દ્વારા ગુજરાત રાજ્યની જે તે તાલુકાની મજુર કામદાર સહકારી મંડળીઓ તથા માન્ય ઈજારદારશ્રી દ્વારા આપેલ સમયમર્યાદામાં ટેન્ડર આપવાની તેમજ પરત લેવાની તારીખો નીચે મુજબ છે. કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

| અ. નં. | કામનો નંબર | કામની વિગત | |
|---|---|---|---|
| | | જે તે તાલુકાની મજુર કામદાર સહકારી મંડળીઓ માટે | |
| | | ટેન્ડર કોપી આપવાની છેલ્લી તારીખ | ટેન્ડર કોપી પરત લેવાની છેલ્લી તારીખ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૧ | ૧૨/૧/૧૩ | તા. ૧૯/૧/૧૩ |

માહિતી/૧૯૯૦/૧૨-૧૩

## નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીની કચેરી

**બી-બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન, સેક્ટર-૧૧, ગાંધીનગર.**

નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીની કચેરી, ગાંધીનગર ખાતે 'સરસ્વતી યાત્રા' (સાક્ષર ભારત) કાર્યક્રમનાં અનુસંધાનમાં જિલ્લાની કચેરી માટે નીચે દર્શાવ્યા મુજબની લાયકાતવાળા પ્રેરકની નિમણુંક તદન હંગામી ધોરણે કરાર આધારિત રૂ. ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) માસિક ફીક્સ પગારથી કરવાની હોવાથી નિયત અરજી ફોર્મમાં જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન.૭માં નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીની કચેરીમાં રજી.પો.એ.ડી.થી શૈક્ષણિક લાયકાત અને અનુભવના સ્વપ્રમાણિત કરેલ પ્રમાણપત્રો સાથે અરજી મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. જિલ્લાની વ્યક્તિને જ પ્રેરક તરીકે નિમણુંક આપવામાં આવશે, જેથી ગાંધીનગર જિલ્લાનાં જ ઉમેદવારે અરજી કરવાની રહેશે. નિયત સમય-મર્યાદા બાદ મળેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

**પ્રેરકની અરજીનો નમૂનો**

**૧) અરજદારનું નામ** — અટક / નામ / પિતા/પતિનું નામ
ગુજરાતી ....................
અંગ્રેજી (કેપીટલમાં) ....................

**તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો**

**૨) અરજદારનું પત્ર વ્યવહારનું સરનામું (પીનકોડ નંબર સાથે)**
હાલનું : ....................
કાયમી : ....................
ઈ-મેઈલ : ....................

**૩) ઉમેદવારની જન્મ તારીખ**

| તારીખ | માસ | વર્ષ | તા. ૧૫/૧/૨૦૧૩ના રોજ ઉંમર | પુરૂષ (૧) / સ્ત્રી (૨) |
|---|---|---|---|---|
| | | | | |

**૪) જિલ્લા પ્રેરક માટે :- (એક જગ્યા)**

| ક્રમ | લાયકાત | બોર્ડ/યુનિ. | પાસ કર્યાનું વર્ષ | કુલ ગુણ | મેળવેલ ગુણ | ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧. | એચ.એસ.સી. | | | | | |
| ૨. | સ્નાતક | | | | | |
| ૩. | બી.એડ. | | | | | |
| ૪. | એમ.એડ. | | | | | |
| ૫. | પી.એચ.ડી. | | | | | |

**૫) એમ.સી.એ. / પી.જી.ડી.સી.એ. માટે શૈક્ષણિક લાયકાત :- (જિલ્લા પ્રેરક માટે) (એક જગ્યા)**

| ક્રમ | લાયકાત | બોર્ડ/યુનિ. | પાસ કર્યાનું વર્ષ | કુલ ગુણ | મેળવેલ ગુણ | ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧. | એચ.એસ.સી. | | | | | |
| ૨. | બી.સી.એ. | | | | | |
| ૩. | બી.બી.એ. | | | | | |
| ૪. | એમ.સી.એ./ પી.જી.ડી.સી.એ. | | | | | |

**૬) અનુભવ :-**

| | સંસ્થાનું નામ | હોદ્દો | સમયગાળો | કામગીરીનો પ્રકાર |
|---|---|---|---|---|
| | | | | |

**અરજદારની સહી....................**

**અરજી મોકલવાનું સ્થળ :-**
**નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી,**
**નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીની કચેરી,**
**બહુમાળી મકાન, છઠ્ઠો માળ, ગાંધીનગર-૩૮૨૦૧૧**

માહિતી/૧૯૮૪/૧૨-૧૩